GACL
Promoting Green Technology

અધ્યક્ષ

## ડૉ. જે. એન. સિંહ, આઈ.એ.એસ.નું

નિવેદન

# ૪૬મી વાર્ષિક સામાન્ય સભા

શુક્રવાર, તા. ૨૭મી સપ્ટેમ્બર, ૨૦૧૯

સવારે ૧૧.૦૦ કલાકે




સ્થળ:

## ગુજરાત આલ્કલીઝ એન્ડ કેમિકલ્સ લિમિટેડ

પી. ઓ.: પેટ્રોકેમિકલ્સ-૩૯૧ ૩૪૬, જિલ્લો : વડોદરા.

### શેરહોલ્ડર ભાઈઓ તથા બહેનો,

આપણી કંપનીની ૪૬મી વાર્ષિક સામાન્ય સભામાં હું આપ સૌનું હાર્દિક સ્વાગત કરું છું. વર્ષ ૨૦૧૮-૧૯ના સ્ટેન્ડઅલોન અને કોન્સોલિડેટેડ ઓડિટ થયેલાં નાણાંકીય પરિણામો અને બોર્ડનો અહેવાલ આપની પાસે છે, જે આપની અનુમતિથી હું વાંચી લીધેલા ગણી લઉં છું.

### અર્થતંત્ર પર એક નજર

નેશનલ સ્ટેટિસ્ટિકલ ઓફિસ (એનએસઓ) દ્વારા રજૂ કરાયેલી ૨૦૧૮-૧૯ની પ્રોવિઝનલ વાર્ષિક રાષ્ટ્રીય આવક અનુસાર, ભારતનો આર્થીક વિકાસ ગત વર્ષના ૬.૭ ટકાની તુલનામાં નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ૬.૮ ટકાના દરે થયો છે. જીડીપી ગ્રોથ ૨૦૧૮-૧૯ના ચોથા ક્વાર્ટરમાં ૫.૮ ટકા રહયો હતો જે ગત વર્ષે સમાન ગાળામાં ૭.૭ ટકા હતો.

કૃષિ, સહકારી અને ખેડૂત કલ્યાણ (ડીએસી એન્ડ એફડબલ્યુ) વિભાગ, કૃષિ મંત્રાલય દ્વારા ૨૦૧૮-૧૯ના પાક ઉત્પાદનના ત્રીજા પુર્વાનુમાન અનુસાર, કૃષિ, વન અને મત્સ્ય ક્ષેત્રમાં ગત વર્ષના ૫ ટકાના વિકાસ દરની તુલનામાં  ૨.૯ ટકા વિકાસ દર જોવા મળ્યો છે. વ્યાપાર, હોટેલ, ટ્રાન્સપોર્ટેશન, કમ્યુનિકેશન અને બ્રોડકાસ્ટિંગને સંબંધિત સેવાઓમાં ગત વર્ષના ૭.૮ ટકાના વિકાસ દરની તુલનામાં આ નાણાકીય વર્ષમાં ૬.૯ ટકા વિકાસ દર રહેવા પામ્યો છે.

ગૂડ્સ એન્ડ સર્વિસીઝ ટેક્સ **(GST)** એ ભારતીય અર્થતંત્રને નવી દિશા આપી છે. **GST**ના બીજા વર્ષે **GST**ની આવક, ફક્ત માર્ચ, ૨૦૧૯માં રૂા. ૧.૦૬ લાખ કરોડના માસિક વિક્રમજનક આવક સહિત, વર્ષ ૨૦૧૮-૧૯માં રૂા. ૧૧.૭૭ લાખ કરોડની થઇ છે.

ભારતે વર્લ્ડ બેન્કના ઈઝ ઓફ ડૂઈંગ બિઝનેસ રિપોર્ટ (ઈઓડીબી), ૨૦૧૮માં ૧૦૦મા સ્થાન પરથી ૨૩ ક્રમથી ઉપર આવીને ૭૭મું સ્થાન પ્રાપ્ત કર્યુ છે. આ રિપોર્ટમાં ભારતીય અર્થતંત્રની ગણના આ વર્ષના મૂલ્યાંકનમાં સતત બીજી વખત સૌથી ટોચના ૧૦ વિકાસશીલ અર્થતંત્ર તરીકે કરાઈ છે. ભારતે મૂલ્યાંકનનાં ૧૦ માંથી ૬ પરિબળોમાં તેના ક્રમમાં સુધારો નોંધાવ્યો છે તેમજ ૧૦માંથી ૭ આંતરરાષ્ટ્રીય બેસ્ટ પ્રેક્ટિસીસ અપનાવવાની સિદ્ધિ હાંસલ કરી છે.

'કન્સ્ટ્રક્શન પરમિટ્સ' અને 'ટ્રેડિંગ એક્રોસ બોર્ડર્સ'ને સંબંધિત સંકેતકોમાં હરણફાળ શક્ય બની છે. જે વર્તમાન સરકારે  લીધેલા સર્વલક્ષી વિકાસના સુધારાત્મક પગલાઓનું પ્રતિબિંબ દર્શાવે છે. 'ગ્રાન્ટ ઓફ કન્સ્ટ્રક્શન પરમિટ્સ'ની બાબતમાં, ભારતનું રેન્કિંગ ગત વર્ષના ૧૮૧ ક્રમથી સુધરીને આ વર્ષના રિપોર્ટમાં ૫૨મા સ્થાને પહોંચ્યું છે  જે માત્ર એક જ વર્ષમાં ૧૨૯ ક્રમનો વિકાસ દર્શાવે છે. 'ટ્રેડિંગ એક્રોસ બોર્ડર્સ' ની બાબતમાં, ભારત ૨૦૧૭માં ૧૪૬મા ક્રમ પરથી ૮૦મા ક્રમે રહ્યું  છે જે ૬૬ ક્રમનો વિકાસ દર્શાવે છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ માટે સરેરાશ ફુગાવો ૩.૫ ટકા રહ્યો જે આરબીઆઈના ૪ ટકાની ધારણાં કરતાં સહેજ નીચે છે જેના પરિણામે આરબીઆઈ દ્વારા ફેબ્રુઆરી, ૨૦૧૯માં ૨૫ બેઝિસ

પોઈન્ટસ રેપોરેટમાં ઘટાડો (એટલે કે ૬.૨૫%) કરાયો હતો. જોકે નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯માં ચાલુ ખાતાની ખોટ વધી છે.

ભારતીય અર્થતંત્રમાં લાંબાગાળાની વૃધ્ધિ માટેની સંભાવનાઓ માટે તેના મોટા માળખાકીય સુધારાને કારણે, યુવા જનસંખ્યા અને તેને લીધે સ્વનિર્ભરતાનો ઉંચો દર, સારી બચત અને રોકાણના વૃધ્ધિદરને પરીણામે આવતા સમયમાં સાનુકુળ સંજોગો દર્શાવે છે.

## ગુજરાત અન્ય રાજ્યો માટે રોલમોડેલ(ઉદાહરણરૂપ)

ગુજરાત એક એવું રાજ્ય છે જે સફળ, પ્રગતિકારક અને બધા જ ક્ષેત્રે વિકાસ માટે સમગ્ર દેશમાં ઉદાહરણરૂપ બન્યું છે. ગુજરાત તેની ઔદ્યોગિક સાહસિકતા અને વાઈબ્રન્સી માટે જાણીતું છે. રોકાણકોરોનો ગુજરાતમાં રોકાણ માટેનો વિશ્વાસ અનેકગણો  વધ્યો છે, જેમાં રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય રોકાણકારો સામેલ છે. આપણું રાજ્ય, ઉદ્યોગો અને કૃષિ માટે પર્યાપ્ત ઊર્જા અને માળખાગત સુવિધાઓ પૂરી પાડે છે. ગુજરાત કેમિકલ હબ અને પેટ્રો-કેમિકલ ઈન્ડસ્ટ્રીઝ સહિત નોંધપાત્ર ઔદ્યોગિક પરિસીમા ધરાવે છે. જેનાથી ગુજરાત દેશના અર્થતંત્રમાં સૌથી મોટું યોગદાન આપતું રાજ્ય બન્યું છે.

ગુજરાત રાજ્ય પોતાના પ્રગતિકારક વિચારો, સક્રિય અને વિવેકપૂર્ણ આયોજન તથા તેના અમલીકરણને કારણે સર્વાંગી વિકાસ સાથે આર્થિક ક્ષેત્રે નોંધનીય પ્રગતિ તરફ અગ્રેસર થઈ રહ્યું છે. ભારતનું અર્થતંત્ર વૈશ્વિક મંદી જેવા પ્રતિકૂળ સંજોગોમાં પણ વિકાસ કરી રહ્યું છે જેમાં ગુજરાતની ભૂમિકા મહત્ત્વપૂર્ણ જોવા મળી રહી છે. ભારતના ઝડપથી બદલાતા પરિદૃશ્ય સાથે તાલ મેળવવા ગુજરાત હંમેશા અગ્રિમ સ્તરે રહ્યું છે. ગુજરાતની ઔદ્યોગિક નીતિ સક્ષમ, સાતત્યપૂર્ણ અને સર્વાંગી પ્રગતિને અનુલક્ષીને નિર્માણ પામી છે. આ તમામ પ્રયાસોથી મને આશા છે  કે આપણા માનનીય વડાપ્રધાનશ્રીના “મેઈક ઈન ઈન્ડિયા”ના ધ્યેયને પ્રાપ્ત કરવા, ગુજરાત અન્ય રાજ્યોને ઉદાહરણ પુરું પાડશે.

## જીએસીએલની કામગીરી

આપની કંપની ૧૯૭૩માં સ્થાપિત થઈ સમયાંતરે ઉત્પાદનવૃધ્ધી કરી કોસ્ટિક સોડાના સૌથી વિશાળ ઉત્પાદકોમાંની એક કંપની તરીકે ઉભરી આવી છે. તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ આપણી કંપનીની કોસ્ટિક સોડાની સ્થાપિત ઉત્પાદન ક્ષમતા ૪,૧૨,૫૦૦ મેટ્રિક ટન પ્રતિવર્ષ છે. આપની કંપની સક્ષમ આર્થિક સ્થિતિ ધરાવે છે. કંપની રાષ્ટ્રીય ક્લોર-આલ્કલી બજારમાં અંદાજે ૧૪ ટકાનો હિસ્સો ધરાવે છે.

કંપની સમયાંતરે ક્લોર-આલ્કલી ક્ષેત્રે પોતાની કામગીરીનું વિસ્તરણ કરતી આવી છે અને સાથે સાથે નવા ઉત્પાદનોમાં પણ વિવિધતા લાવી રહી છે. જેમાં ફોરવર્ડ અને બેકવર્ડ ઈન્ટિગ્રેશન્સનો સમાવેશ થાય છે. જીએસીએલ એ ભારતની એવી પ્રથમ કંપની છે જેણે વર્ષ ૧૯૮૯માં મરક્યુરી

સેલ ટેકનોલોજીને બદલીને તેના સ્થાને પર્યાવરણને અનુકુળ ટેકનોલોજી અને ઉર્જામાં બચાવ કરનાર મેમ્બ્રેન ટેકનોલોજીનો ઉપયોગ શરૂ કર્યો હતો. હાલમાં, કંપનીની ઉત્પાદન શ્રેણીમાં કુલ ૩૬થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કંપનીના ઉત્પાદનો ભારત અને વિદેશોમાં વિવિધ ઉદ્યોગો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન કંપનીએ કોસ્ટિક સોડા પ્લાન્ટમાં ૯૯% ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે. આપની કંપનીએ હંમેશા ઈકો-ફ્રેન્ડલી અને ગ્રીન ટેકનોલોજી અપગ્રેડ કરવાનું અને તેનો સ્વીકાર કરવાનું સુનિશ્ચિત કરેલ છે. વધુમાં કંપનીએ કેટલાક પ્રોડક્ટ્સ જેવાકે ફોસ્ફોરિક એસિડ, પીએસી-૧૮, એનહાઈડ્રસ એલ્યુમિનિયમ ક્લોરાઈડ, સ્ટેબલ બ્લીચીંગ પાઉડર વિગેરેમાં ૧૦૦%થી વધુ ઉત્પાદન ક્ષમતા પ્રાપ્ત કરી છે.

ઈલેક્ટ્રોલિસીસ પ્રક્રિયા દ્વારા કોસ્ટિક સોડાનું ઉત્પાદન મોટા પાયે ઈલેક્ટ્રીક પાવર પર આધારિત છે. કંપનીએ તેની વધારાની ઊર્જાની માંગને પહોંચી વળવા માટે લાંબાગાળાની વ્યૂહનીતિ અપનાવેલ છે. આપની કંપનીએ સ્વવપરાશ માટે ગેસ પર આધારિત ૯૦ મેગાવોટ પાવર પ્લાન્ટ તેમજ ૧૪૫ મેગાવોટનો સંયુક્ત વપરાશ માટે ગેસ પર આધારિત જી.આઈ.પી.સી.એલ. ખાતે પાવર પ્લાન્ટ સ્થાપેલ છે. આ ઉપરાંત આપની કંપનીએ તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ સુધીમાં કુલ ૧૭૧.૪૫ મેગાવોટની ક્ષમતાવાળી વિન્ડ મીલ તેમજ ગુજરાતના પાટણ જીલ્લામાં ચારણકા ખાતે ૩૫ મેગાવોટનો સોલાર પાવર પ્રોજેક્ટ સ્થાપીને હરિત ઉર્જા માટેનાં મોટા કદમો ઉઠાવ્યાં છે.

નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન, કંપનીએ ક્લોરિન, કોસ્ટિક પોટાશ લાઈ, કોસ્ટિક પોટાશ ફ્લેક્સ, ક્લોરોમિથેન્સ, હાઈડ્રોજન પેરોક્સાઈડ અને એલ્યુમિનિયમ ક્લોરાઈડનું વડોદરા સંકુલ ખાતે તેમજ ફોસ્ફોરિક એસિડ, કોસ્ટિક સોડા લાઇ, ક્લોરિન, હાઈડ્રોજન પેરોક્સાઈડ, ક્લોરોટોલ્યુન પ્રોડક્ટ્સ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ અને સ્ટેબલ બ્લીચીંગ પાઉડરનું દહેજ સંકુલ ખાતે અત્યાર સુધીનુ સૌથી વધુ ઉત્પાદન હાંસલ કર્યું હતું.

## કંપનીની નાણાંકીય કામગીરી

આપને જણાવતા મને આનંદ થાય છે કે આપની કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ખૂબ જ ઉત્કૃષ્ટ નાણાંકીય કામગીરી કરેલ છે. આપની કંપનીએ ગત વર્ષના રૂ. ૨,૪૧૮ કરોડના (એક્સાઈઝ ડ્યુટી રહિત) વેચાણની સરખામણીએ રૂ. ૩,૧૦૨ કરોડનું સૌથી વધુ વેચાણ હાંસલ કરેલ છે. કંપનીનાં વેચાણમાં વધારો મુખ્યત્ત્વે કોસ્ટિક સોડા ગ્રૂપ, ક્લોરોમિથેન્સ ગ્રૂપ, કોસ્ટિક પોટાશ ગ્રૂપ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ, ક્લોરિનેટેડ પેરાફીન વેક્સ, ક્લોરોટોલ્યુન ગ્રૂપ, સ્ટેબલ બ્લીચીંગ પાઉડર અને પ્રવાહિ ક્લોરિનની વેચાણ કિંમતમાં વધારો થવાથી થયો છે.

ગળાકાપ સ્પર્ધા અને બજારની પ્રતિકૂળ સ્થિતિ હોવા છતાં આપની કંપની ગત વર્ષના રૂ. ૮૯૨ કરોડના કુલ નફાની સરખામણીએ રૂ. ૧,૧૭૬ કરોડનો સૌથી વધુ નફો પ્રાપ્ત કરી શકી છે.

વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન આપની કંપનીએ કરવેરા પહેલાનો સૌથી વધુ નફો રૂ. ૧,૦૧૫ કરોડ અને કરવેરા પછીનો નફો રૂ. ૬૯૦ કરોડ પ્રાપ્ત કરેલ છે જે ગત વર્ષમાં ક્રમશઃ રૂ. ૭૫૦ કરોડ અને રૂ. ૫૩૫ કરોડનો હતો.

એ જ રીતે ગત વર્ષના રૂ. ૭૨.૮૫ શેર દીઠ કમાણીની સરખામણીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં રૂ. ૯૩.૯૧ ની શેરદીઠ કમાણી કરી છે.

શેરની ચોપડે કિંમત (બુક વેલ્યુ) ગત વર્ષના રૂ. ૫૧૭ પ્રતિ શેરની સામે તા. ૩૧મી માર્ચ, ૨૦૧૯ના રોજ રૂ. ૫૮૨ પ્રતિ શેરની રહી છે જે પ્રતિ શેર રૂ. ૬૫નો વધારો દર્શાવે છે.

આપની કંપની વર્ષ દરમિયાન ખર્ચ નિયંત્રણ, ઉત્પાદન કિંમતો પર સતત દેખરેખ અને તેની સમીક્ષા તેમજ અન્ય જરૂરી પગલાંઓને કારણે સારા પરિણામો હાંસલ કરી શકી છે. આપણે ચાલુ નાણાંકીય વર્ષમાં પણ ખર્ચ નિયંત્રણ અને અન્ય જરૂરી પ્રયત્નો કરવાનું ચાલુ રાખ્યું છે.

ચાલુ નાણાંકીય વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં આપણી કંપનીએ ગત વર્ષના સમાન ગાળામાં રૂ. ૭૪૪ કરોડની તુલનામાં રૂ. ૭૨૮ કરોડનું વેચાણ હાંસલ કરેલ છે. આપની કંપનીએ ગત વર્ષના પ્રથમ ત્રિમાસિક સમયગાળામાં કરવેરા પહેલાનો નફો રૂ. ૨૫૯ કરોડ અને કરવેરા પછીનો નફો રૂ. ૧૮૩ કરોડની તુલનામાં ક્રમશઃ આ વર્ષે આ જ સમય ગાળામાં કરવેરા પહેલાનો રૂ. ૨૨૮ કરોડનો નફો અને કરવેરા પછીનો રૂ. ૧૫૯ કરોડનો નફો હાંસલ કરેલ છે.

## ડિવિડન્ડ

મને જણાવતા આનંદ થાય છે કે આપની કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટરોએ તા. ૩૧ મી માર્ચ, ૨૦૧૯ના રોજ પૂરા થયેલા નાણાંકીય વર્ષ માટે રૂા. ૧૦નો એક એવા સંપૂર્ણ ભરપાઈ થયેલા ૭,૩૪,૩૬,૯૨૮ ઈક્વિટી શેરો પર શેરદીઠ રૂ. ૮.૦૦ એટલે કે ૮૦% ડિવિડન્ડ આપવાની ભલામણ કરી છે.

## બજાર વ્યવસ્થા

આપણી કંપનીની ઉત્પાદન શ્રેણીમાં ૩૬ થી વધુ ઉત્પાદનોનો સમાવેશ થાય છે. કોસ્ટિક સોડા ગ્રૂપ તેમાં સૌથી મોટું આવક મેળવનાર ગ્રૂપ રહ્યું છે. આથી, કોસ્ટિક સોડા અને ક્લોરિનના બજારની પરિસ્થિતીની કંપનીની કામગીરી ઉપર બહોળી અસર પડે છે.

આપની કંપનીએ હાઈડ્રોક્લોરિક એસિડ્ના મૂલ્યવર્ધક પ્રોડકટ તરીકે, વડોદરા ખાતે ગત વર્ષ ૨૦૧૮-૧૯માં પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ (પીએસી)નો પ્રારંભ કર્યો છે અને આપણે વિવિધ

ગ્રેડના પીએસીને વધુ ને વધુ ભારતીય બજારમાં વેચવા માટે સક્ષમ થયા છીએ. પીએસી પાઉડરના નિકાસમાં વધારો થયો છે. પીએસીની નિકાસમાં હજુ પણ વધારો થવાની શક્યતાઓ છે.

ખૂબજ ઓછી કિંમતે વિવિધ ઉત્પાદનોના ભારતમાં બહોળા પ્રમાણમાં થતા આયાત (ડમ્પિંગ) ને કારણે આપની કંપની સતત પ્રતિકુળ પરિસ્થિતિનો સામનો કરી રહી છે જેના કારણે કંપનીની ઉત્પાદન ક્ષમતાનો ઉપયોગ તથા ઉત્પાદનોની ક્મિંતો પર પ્રતિકુળ અસર થાય છે. આ માટે કંપની ડબલ્યુટીઓ (**WTO**) માર્ગદર્શિકાઓ અંતર્ગત એન્ટિ ડમ્પિંગ ડ્યુટી લાદ્વાના સુધારાત્મક પગલાં લેવા માટેસક્રીય પ્રયાસ  કરી રહી છે.

આપની કંપનીએ ભારતના પૂર્વ ક્ષેત્રના ભાગમાં વેચાણ કરવાનું ચાલુ રાખ્યું છે અને તે મુજબ મેસર્સ નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (નાલ્કો) અને મેસર્સ વેદાંતા લિમિટેડને નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯માં અંદાજે ૨૫,૦૦૦ મેટ્રિકટનનું કોસ્ટિક સોડા લાઇનું વેચાણ કરેલ છે. આપણી કંપની દૂરગામી બજારમાં સ્પર્ધાત્મક રહીને કે જ્યાં માલના પરિવહનનો ખર્ચ એ મુખ્ય બાબત છે ત્યાં માલવહનની વિવિધ શક્યતાઓને સફળતાપૂર્વક પાર પાડવામાં અગ્રેસર રહી છે. નાલ્કો અને વેદાંતાને કોસ્ટિક સોડા લાઈનો સપ્લાઈ  ચાલુ વર્ષે પણ થઈ રહયો છે અને તે માટે આપણે દહેજ ખાતે **GCPTCL** ના સ્ટોરેજ ટેન્ક્માં કોસ્ટિક સોડા લાઇનો જરૂરી જથ્થો સંગ્રહ કરવાની વ્યવસ્થાઓ પણ કરેલ છે.

નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન, આપની કંપનીએ ઘરેલુ ગ્રાહકો માટે અંદાજે ૨૦૫૮ મેટ્રિકટન કોસ્ટિક સોડા લાઈનું (સીએસએલ) ટ્રેડીંગ કર્યુ છે. કંપની પાઈપલાઈન દ્વારા અંદાજે પ્રતિદિન ૧૦૦ મેટ્રિકટન ક્લોરિનનું વેચાણ કરી રહી છે જેનાથી ક્લોરિનનો રોજીંદા ધોરણે નિકાલ કરવો શક્ય બન્યું છે. એટલું જ નહીં તેનાથી કોસ્ટિક સોડાના ઉત્પાદનને વધારવામાં અને માર્કેટમાં ક્લોરિનની વધુ સારી કિંમત મળી શકે છે.

આપની કંપનીએ ગત નાણાંકીય વર્ષ ૨૦૧૭-૧૮ના રૂા. ૩૧૬ કરોડની નિકાસની આવકની સરખામણીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન રૂા. ૩૪૧ કરોડની સૌથી વધુ નિકાસની આવક પ્રાપ્ત કરેલ છે. જે ૮%નો વધારો દર્શાવે છે. કંપનીએ કોસ્ટિક સોડા લાઇ, ક્લોરિન, ક્લોરોમિથેન્સ, હાઈડ્રોજન પેરોક્સાઈડ, બેન્ઝાઇલ ક્લોરાઇડ, એલ્યુમિનિયમ ક્લોરાઈડ, પોલી એલ્યુમિનિયમ ક્લોરાઇડ, બેન્ઝાઈલ ડિહાઈડ, એચસીએલ, સોડિયમ ક્લોરેટ અને સ્ટેબલ બ્લીચીંગ પાઉડરમાં સૌથી વધુ વેચાણ હાંસલ કરેલ છે.

### ખર્ચ નિયંત્રણ માટેના પગલાં

આપણી કંપનીએ ખર્ચ નિયંત્રણ કરવા માટે, કાચા માલની અને કેમિકલની ખરીદી અને અન્ય વપરાશી વસ્તુઓનું ખર્ચ નિયંત્રણ કરવા માટે વિવિધ અસરકારક પગલાં લીધા છે.

આમાંથી કેટલાંક પગલાંઓના પરિણામે કંપનીના કાચામાલની ખરીદ કિંમતના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે જેની હું આપને માહિતી આપું છું:

૧. આપની કંપનીએ મહત્ત્વના કાચા માલ જેમકે પ્રાઈમરી એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને હેવી નોર્મલ પેરાફીન ઝીરો કસ્ટમ ડ્યુટી સાથે એડવાન્સ લાયસન્સ અંતર્ગત આયાત કરેલ છે જેનાથી માલની ખરીદીનો ખર્ચ ઘટે છે. આ સ્કીમમાં નિકાસ જવાબદારી સંપન્ન કરવા આપની કંપનીએ એલ્યુમીનીયમ ક્લોરાઈડની નિકાસ કરી છે અને વિદેશી હુંડિયામણ પણ મેળવ્યું છે.

૨. આપણી કંપનીએ અસરકારક રીતે ઈ-પ્રોક્યોરમેન્ટનો અમલ કર્યો છે અને કંપનીએ ઉંચી કિંમતના વિવિધ માલસામાનની ખરીદી રિવર્સ ઓક્શનથી શરૂ કરેલ છે. રિવર્સ ઓક્શન ઉચ્ચ હરીફાઈ, માલની ખરીદીમાં પારદર્શકતા અને ઓછી કિંમતે માલની પ્રાપ્તિને પ્રોત્સાહન આપે છે.

૩. આપની કંપની એક જવાબદાર અને સારૂ સસ્ટેનેબેલ સોર્સીંગ ધરાવતું ધંધાકીય સાહસ તરીકે ઓળખ ધરાવે છે. આ સસ્ટેનેબેલ સોર્સીંગના ભાગરૂપે કોસ્ટિક સોડાના ઉત્પાદન માટે ગુણવત્તાવાળા સોલ્ટનો (વોશડ ક્વૉલીટી સોલ્ટનો) ઉપયોગ શરૂ ક્ર્યો છે. મીઠાની સુધરેલી ગુણવત્તાથી ઓછા સ્લજ જનરેશન અને વધુ ઉત્તમ સ્લજ ડિસ્પોઝલ મેનેજમેન્ટનો લાભ મળ્યો છે. મીઠાની સુધરેલી ગુણવત્તાથી કેમિકલ્સના વપરાશમાં પણ ઘટાડો થયો છે જેના સીધા પરિણામ રૂપે ઉત્પાદન ખર્ચમાં ઘટાડો થયો છે અને મેમ્બ્રેન સેલ્સનું આયુષ્ય પણ વધ્યું છે જે કોસ્ટિક સોડાના ઉત્પાદનની પ્રક્રિયાનો એક અગત્યનો ભાગ છે.

૪. પોટેશિયમ ક્લોરાઈડ (KCl) કે જે સૌથી મોટા પ્રમાણમાં આયાત કરવામાં આવતા કાચા માલમાનું એક છે અને તેનુ આયાત સ્થળ ભારતમાં પૂર્વ કાંઠાથી પશ્ચિમ કાંઠા પર ફેરવવામાં આવેલ હતું તે વર્ષ દરમિયાન પણ ચાલુ રાખેલ છે. જેને કારણે માલના પરિવહનના ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થયો છે.

## વિસ્તરણ અને નવી યોજનાઓ

આપને જણાવતાં મને આનંદ થાય છે કે કંપની તેની વિકાસની યોજનાઓનું અમલીકરણ સફળતાપુર્વક કરી રહી છે જેના ભાગરૂપે કંપની હાલના રૂ. ૩,૧૦૦ કરોડ્ના વાર્ષિક વેચાણથી નાણાંકીય વર્ષ ૨૦૨૧-૨૨ સુધીમાં રૂ. ૫,૦૦૦ કરોડના વાર્ષિક વેચાણનું લક્ષ્ય હાંસલ કરવાની ખાતરી ધરાવે છે.

મને એ જણાવતાં ગૌરવ થાય છે કે કંપનીએ નાણાંકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન વાર્ષિક ૧૪,૦૦૦ મેટ્રિકટનની ક્ષમતાવાળો હાઈડ્રોજન પેરોક્સાઈડ પ્રોજેક્ટ અને વાર્ષિક ૩૨,૦૦૦ મેટ્રિક ટનની ક્ષમતાવાળો પોલી એલ્યુમિનિયમ ક્લોરાઈડ પ્રોજેક્ટ સફળતાપૂર્વક કાર્યરત કરેલ છે.

અન્ય પ્રોજેક્ટ્સ જેવા કે વાર્ષિક ૧,૦૫,૦૦૦ મેટ્રિક્ટનની ક્ષમતાવાળો ક્લોરોમિથેન્સ પ્લાન્ટ, વાર્ષિક ૩૩,૮૭૦ મેટ્રિક્ટનની ક્ષમતાવાળો ફૂડ ગ્રેડ ફોસ્ફોરિક એસિડ પ્લાન્ટ, વાર્ષિક ૧૦,૦૦૦ મેટ્રિક્ટનની ક્ષમતાવાળો હાઈડ્રાઝીન હાઈડ્રેટ પ્લાન્ટ, વાર્ષિક ૧૫,૦૦૦ મેટ્રિક્ટનની ક્ષમતાવાળો સ્ટેબલ બ્લીચીંગ પાઉડર (SBP) પ્લાન્ટ, વાર્ષિક ૧૬,૫૦૦ મેટ્રિક્ટનની ક્ષમતાવાળો એન્હાઈડ્રસ એલ્યુમિનિયમ ક્લોરાઈડ (AAC) પ્લાન્ટ અને કોલસા પર આધારિત ૬૫ મેગાવૉટ પાવર પ્લાન્ટ સહિત હાલના દહેજ સંકુલ ખાતેના કોસ્ટિક સોડા પ્લાન્ટનું પ્રતિદિન ૭૮૫ મેટ્રિકટનથી પ્રતિદિન ૧,૩૧૦ મેટ્રિકટનનું વિસ્તરણ અમલીકરણના વિવિધ સ્તરે પહોંચ્યા છે.

## જીએનએએલ (GNAL) દ્વારા પ્રોજેક્ટ - નાલ્કો સાથેની એક સંયુક્ત સાહસ કંપની

કંપનીના દહેજ સંકુલ ખાતે આવેલ પ્લોટ-ડી ૨/૯ માં કોલસા પર આધારિત ૧૩૦ મેગાવોટનો પાવરપ્લાન્ટ અને પ્રતિદિન ૮૦૦ મેટ્રિક્ટનની ક્ષમતાવાળા કોસ્ટિક સોડાના પ્રોજેક્ટનું કામ કાર્યરત છે જે નેશનલ એલ્યુમિનિયમ કંપની લિ. (NALCO) સાથેનું એક સંયુક્ત સાહસ છે. આ પ્લાન્ટમાં ઉત્પાદિત થનાર ક્લોરિનને પાઈપલાઈન દ્વારા જીએસીએલને સ્વવપરાશ માટે તેમજ નજીકના વિસ્તારોમાં ક્લોરિન વપરાશકારોને પહોંચાડવામાં આવશે.

## સંશોધન અને વિકાસ

આપણી કંપનીની હાલની અને ભવિષ્યની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને સંશોધન અને વિકાસની પ્રવૃત્તિઓ ઉચ્ચ પર્યાવરણની અનુકુળતાને આધારે કરવામાં આવે છે. કંપનીનો સંશોધન અને વિકાસ વિભાગ વેસ્ટ યુટિલાઈઝેશન, નવા ઉત્પાદનો, નવી પ્રક્રિયાઓનો વિકાસ અને સુધારો, પર્યાવરણને સાનુકૂળ ટેકનોલોજી, ઉત્પાદનની ગુણવત્તા અને ગ્રાહકની જરૂરીયાત પુરી પાડવા પર કાર્ય કરે છે.

આપણા પ્રોસેસ પ્લાન્ટ્સમાં પેદા થતા કચરાના હેન્ડલિંગમાં મૂલ્યવર્ધન તરીકે યોગ્ય ઉપાયો વિકસાવવાની કામગીરી હાથ ધરાઈ છે. આપણે કેટેલિસ્ટ ડેવલપમેન્ટ માટે પણ કામ કરી રહ્યા છીએ. વિવિધ પ્લાન્ટ્સમાં આયાતી રો મટિરિયલ માટે વિકલ્પો વિકસાવવાના પ્રયાસો પણ ચાલી રહ્યા છે. નાણાકીય વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન, કંપનીને સોડિયમ પરકાર્બોનેટ, મિથાઈલ સેલ્યુલોઝ અને ગ્લેઈચાકોલ પ્રક્રિયાઓ માટેના નવીનતમ કાર્ય માટે પેટન્ટ પણ મળી છે. આપણે ઈન્ડિયન ઈન્સ્ટીટ્યુટ ઓફ કેમિકલ ટેકનોલોજી (IICT), હૈદરાબાદ સાથે મળીને હાઈડ્રાઝીન હાઈડ્રેટ પ્રક્રિયા માટે યુએસ પેટન્ટ એપ્લિકેશન દાખલ કરી છે.

આપણી કંપનીના સંશોધન અને વિકાસ વિભાગની અન્ય પ્રવૃતિઓમાં પ્રોસેસ સ્ટ્રીમનું બારીકાઈથી નિરીક્ષણ, કાચા માલ અને તૈયાર માલની ગુણવત્તાની ખાતરી આપવી વગેરે જેવા કાર્યોનો પણ સમાવેશ થાય છે. સંશોધન અને વિકાસ વિભાગે ઉત્પાદનનાં વિવિધ વિભાગોને સતત તકનીકી સહાય પુરી પાડી છે જેને પરીણામે ઉત્પાદનમાં ઘણો જ ફાયદો મળ્યો છે.

## પુનઃપ્રાપ્ય ઊર્જા

આપની કંપનીએ ગ્રીન ટેકનોલોજીને પ્રોત્સાહિત કરવાની પોતાની પ્રતિબધ્ધતાને વેગ આપતાં ગુજરાતના ચારણકા ગામ ખાતે બીજો ૨૦ મેગાવોટનો સોલાર પાવર પ્લાન્ટ સ્થાપ્યો છે જે કાર્યરત થઈ ચૂક્યો છે. આ પ્રોજેક્ટ પ્રસ્થાપિત થયા પછી કંપનીની સ્થાપિત રિન્યુએબલ એનર્જીની ક્ષમતા ૩૫ મેગાવોટ સોલાર પાવર અને ૧૭૧.૪૫ મેગાવોટ વિન્ડ પાવરની થઈ છે જે કંપનીની કુલ ઉર્જાની જરૂરીયાતનાં ૨૫ ટકાથી વધારે જરૂરીયાત પુરી પાડશે.

## સુરક્ષા અને પર્યાવરણ

કંપની તેની નીતિ, સિદ્ધાંતો અને સુરક્ષા તથા પર્યાવરણને લગતા વિધાનોનો સતત અમલ કરી રહી છે. કંપનીના કર્મચારીના સ્વાસ્થ્ય, સુરક્ષા અને પર્યાવરણની જાળવણીને લગતા નિયમોનું ચુસ્ત પણે પાલન કરવામાં આવે છે. આ નિયમોને અનુરૂપ કપંનીના પરીસરની વિશેષ સ્વચ્છતા તેમજ પ્લાન્ટની જાળવણી માટે વિવિધ અભિયાન પણ શરૂ કરવામાં આવ્યાં છે.

માલના પરિવહનમાં સુરક્ષા જળવાઈ રહે તે હેતુથી આપણી કંપનીએ દરેક છ મહિનાના સમય દરમિયાન ડ્રાઇવરોને વ્યવસ્થિત ટ્રેનીંગ આપવાનું આયોજન કરેલ છે. પાણીનો બચાવ એ આપણી સભ્યતાનો એક ભાગ છે. પાણીના રોજના વપરાશનું વ્યવસ્થિત સંચાલન કરવા, આપણી કંપનીએ પાણીના બધા જ મોટા પંપો પર વૉટર ફ્લો મીટર મુકેલ છે. કંપનીના ગાર્ડનમાં આવેલ છોડોને પાણી પૂરૂ પાડવા માટે વૉટર સ્પ્રીંકલર સીસ્ટમ પ્રસ્થાપિત કરેલ છે.

## કોર્પોરેટ ગવર્નન્સ

અમે દઢપણે માનીએ છીએ કે કંપનીની કામગીરીને પ્રોત્સાહિત કરવા માટે તેમજ મહત્તમ ઉત્પાદકતા હાંસલ કરવા માટે તેમજ હિતધારકોના લાભ જળવાય એ સુનિશ્ચિત કરવા માટેનો આધાર કંપનીના સુદઢ અને કાર્યક્ષમ વહીવટ પર રહેલો છે. સર્વગ્રાહી વિકાસ માટે જરૂરી એવી સુચારૂ સંસ્થાકીય વહિવટ પધ્ધતિઓનું (Good Corporate Governance) પાલન કરવાનું જીએસીએલ હંમેશા સુનિશ્ચિત કરે છે જે દ્વારા સંસ્થાકિય વિકાસનો લાભ સમગ્ર સમાજ મેળવી શકે.

## સંસ્થાકિય સામાજિક જવાબદારી (CSR)

જીએસીએલ ખાતે, આપણે આપણા હિતધારકો માટે મૂલ્ય વધારવા પ્રત્યે પ્રતિબદ્ધ છીએ અને વિવિધ સંસ્થાકીય સામાજિક જવાબદારીઓ (CSR) નિભાવીને તેમના જીવનની ગુણવત્તામાં સુધારો કરવાનો સતત પ્રયત્ન કરીએ છીએ. આપણા CSR કાર્યોમાં મુખ્યત્વે શિક્ષણને પ્રોત્સાહન, દિવ્યાંગ બાળકોની સારસંભાળ, આરોગ્યની જાળવણી, સ્વચ્છતા, આર્થીક રીતે નબળા લોકોની આજીવિકા વધારવી, કલા, સંસ્કૃતિ અને વારસા ની જાળવણી તથા જળ સંરક્ષણ અંગેની વિવિધ પ્રવૃતિઓનો સમાવેશ કરેલ છે. CSR પ્રવૃતિઓ વ્યૂહાત્મક રીતે કંપનીની

નીતિઓ, ફિલોસોફી તથા સરકારના વિકાસલક્ષી લક્ષ્યો સાથે સંકળાયેલ છે અને તેનુ જીએસીએલ એજ્યુકેશન સોસાયટી દ્વારા અમલીકરણ કરવામાં આવે છે.

આ કાર્યો સહભાગિતાના વલણ સાથે તૈયાર કરવામાં છે અને સાથે સમુદાયની આવશ્યકતાઓને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. તેનાથી આપણા હિતધારકો સાથેનાં લાંબા ગાળાના અને મજબૂત સંબંધોને આગળ વધારવામાં મદદ મળે છે. સમાવેશી વિકાસને પ્રોત્સાહન એ જીએસીએલની પ્રાથમિકતા છે અને તેમાં સામાજિક અને બિઝનેસ એમ બંને હેતુઓને સામેલ કરાયા છે. આપણું વલણ સમુદાયને મદદરૂપ બની શકે અને તે સાતત્યપૂર્ણ રીતે કામ કરી શકે એ માટે પાર્ટનરશીપ મૉડેલના આધારે રહેલું છે. આપણે સમુદાયો, બીનસરકારી સંસ્થાઓ (એનજીઓ) અને સરકારી સંસ્થાઓ સાથે તેના મૂળ સ્તરે સહભાગિતાથી કામ કરીએ છીએ. આ માટે ઉત્તમ કાર્ય પધ્ધતિ, સહકાર અને નિર્માણ પર લક્ષ અપાયું છે જેનાથી બધાનો સર્વાંગી વિકાસ, એકબીજાના સહકારથી કાર્ય કરવુ અને નવીનતમ વિચારધારાનો સ્વીકાર શક્ય બન્યો છે.

આપણી કંપની જ્યાં કાર્યરત છે તે સમુદાયોમાં આપણા તમામ પ્રોજેક્ટ્સનો અમલ થયો છે અને તેમાં આપણે દરેક બાબતોનું કાળજીપૂર્વકનું પાલન કરીએ છીએ. આપણે સમુદાયના વિવિધ વર્ગોને યોગ્ય સહયોગ પ્રદાન કરીએ છીએ જેનાથી તેમના જીવનમાં એક હકારાત્મક વાતાવરણનું નિર્માણ થઈ શક્યુ છે.

## જીએસીએલ ખાતે માનવ સંસાધન

જીએસીએલ ખાતે માનવ સંસાધન વિભાગ કર્મચારીઓની ક્ષમતા અને ઉત્પાદકતા વધે એ રીતની યોજનાઓ અને નીતિઓનું અમલીકરણ કરે છે. માનવ સંસાધન કંપનીના દરેક સ્તરને જ્ઞાન અને નવતર વિચારોથી વધુ સારું બનાવે છે અને પરિણામે સંસ્થાની સફળતામાં વધારો થાય છે.

કંપની પાસે અનુગામી આયોજન અને પ્રતિભાઓ માટે સારી રીતે ઘડાયેલી વ્યૂહરચના છે. કંપનીએ ગુજરાત સરકારની 'મુખ્યમંત્રી એપ્રેન્ટિસશિપ યોજના' પ્રમાણે યોગ્ય પગલાઓ લીધેલા છે. આ યોજનાના ભાગરૂપે, કંપનીએ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૨૦૯ એપ્રેન્ટિસને કામ પર રાખ્યા છે. કંપનીનું લક્ષ્ય યુવાન પ્રતિભાશાળી એન્જિનિયર્સને કામ કરવાની તક આપવાનું છે. કંપનીએ વર્ષ ૨૦૧૮-૧૯ માટે ૩૭ યુવા એન્જિનિયર્સની ભરતી કરી છે.

કંપનીનો માનવ સંસાધન વિભાગ નવી પ્રતિભાઓને મદદરૂપ થાય છે અને તેઓના જ્ઞાનનો વ્યવસ્થિતપણે વિકાસ થાય તે હેતુથી તાલીમ આપવા પર ભાર મૂકે છે. કંપની દ્વારા એક્ઝિક્યુટિવ ડેવલપમેન્ટ પ્રોગ્રામ્સ, તકનિકિ આવડતમાં વૃદ્ધિ કરવી જેવા જુદા જુદા ટ્રેનિંગ પ્રોગ્રામ્સનું આયોજન કરવા પર પણ એટલું જ ધ્યાન આપવામાં આવે છે. કંપનીએ નાણાકીય

વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન ૧૯,૦૦૦ તાલીમ કલાકોનું આયોજન કરીને તાલીમક્ષેત્રે નોંધપાત્ર કાર્ય કર્યુ છે.

આપની કંપની ડિજિટલાઈઝેશનની પ્રવૃત્તિઓને આગળ વધારવામાં હંમેશા મદદરૂપ રહી છે અને કંપની તેના કર્મચારીઓને પણ જવાબદાર નાગરિક તરીકે ડિજિટાઈઝેશનનો લાભ લેવા માટે પ્રોત્સાહિત કરે છે.

## ઈન્ફોર્મેશન ટેક્નોલોજી

જીએસીએલ તેની ઉત્પાદકતા અને વ્યાવસાયિક કામગીરીમાં શ્રેષ્ઠતા મેળવવા માટે ઈન્ફોર્મેશન ટેક્નોલોજી (આઈટી) અને બિઝનેસ એનાલિટિકનો અસરકારક ઉપયોગ કરવાની બાબતને સતત ધ્યાનમાં લે છે.

આઈટી સિસ્ટમ કંપનીની કામગીરીને આગળ વધારવામાં મદદરૂપ થાય તે રીતે સતત અપડેટ અને અપગ્રેડ કરવામાં આવે છે અને તે વિસ્તરતી રહે છે. આ સિસ્ટમથી કંપની વેબસાઈટ દ્વારા તેના બિઝનેસ પાર્ટનર્સને જરૂરી માહિતી પણ પૂરી પાડે છે.

## આભારવચન

આ વર્ષે નવા નિમણુંક થયેલા આપની કંપનીના ડિરેક્ટર શ્રી એસ.બી.દન્ગાયચને હું આવકારું છું. બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી, હું કંપનીના આ વર્ષે છોડી ગયેલા ડિરેક્ટર્સ શ્રી જે.એન.ગોડબોલેનો આભાર માનું છું, જેમના બહોળા અનુભવનો કંપનીને તેના વિકાસ અને વૃદ્ધિમાં લાભ મળ્યો છે.

બોર્ડ પરના મારા અન્ય સાથીઓએ કંપનીના સંચાલનમાં આપેલ કીમતી માર્ગદર્શન અને યોગદાન બદલ હું તેમના પ્રત્યે હૃદયપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

અમારામાં મૂકેલા વિશ્વાસ બદલ કંપનીના તમામ શેરહોલ્ડર્સનો પણ હું આભાર માનું છું. આપની કંપનીના કર્મચારીઓએ તેમની વચનબદ્ધતા અને સમર્પણની ભાવના થકી આપેલ મૂલ્યવાન યોગદાન માટે હું તેમનો આભાર માનું છું.

કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સ વતી અને મારા વતી કેન્દ્ર સરકાર અને ગુજરાત સરકાર, ખાસ કરીને ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, નાણા વિભાગ તેમજ ઉદ્યોગ અને ખનિજ વિભાગ, કંપનીના પ્રમોટર્સ, બેન્કર્સ, ઓડિટર્સ, ગ્રાહકો, એજન્ટ્સ, ડિલર્સ, સપ્લાયર્સ અને અન્ય હિતધારકો તરફથી કંપનીને સતત મળેલા મૂલ્યવાન સાથ સહકાર માટે તેઓ પ્રત્યે હું આભારની લાગણી વ્યક્ત કરૂં છું.

# જયહિન્દ

Design by : oneadvt.com